# આકાશવાણી –ભુજ

**સમાચાર વાચક: કલ્પના શાહ**

**કમ્પ્યુટરરાઈઝ: મીત ગોર**

**તારીખ:11-04-2024 ગુરુવાર** **સમય: સવારે: ૬:૫૦**

## ચૂંટણીપંચ –પ્રકાશક સામગ્રી માર્ગદર્શક

ચૂંટણી પંચે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો છે કે ચૂંટણી સંબંધિત સામગ્રી પર પ્રિન્ટરો અને પ્રકાશકો વિશે સ્પષ્ટ માહિતી હોવી જોઈએ જેથી ચૂંટણી પ્રચારમાં જવાબદારી અને પારદર્શિતા જળવાઈ રહે.

પંચને એ પ્રકારની જાણકારી મળી હતી કે નગરપાલિકા સંસ્થાઓના નિયંત્રણ હેઠળના સ્થળોએ એવા હોર્ડિંગ્સ જોવામાં આવ્યા હતા જેમાં પ્રિન્ટર અથવા પ્રકાશકનું નામ નહોતું. પંચના જણાવ્યા અનુસાર લોકપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ ચૂંટણી સંબંધિત પેમ્ફલેટ, પોસ્ટર, પ્લે કાર્ડ અથવા બેનરો છાપવા અથવા પ્રકાશિત કરવા પર પ્રતિબંધ છે, જેમાં પ્રિન્ટર અને પ્રકાશકનું નામ અને સરનામું સ્પષ્ટ રીતે ઉલ્લેખિત નથી.

પંચે કહ્યું કે ચૂંટણી પ્રચારના ખર્ચને નિયંત્રિત કરવા માટે પ્રકાશકોની ઓળખનો ઉલ્લેખ કરવો જરૂરી છે. તેમણે કહ્યું કે જો પ્રચાર સામગ્રી આદર્શ આચાર સંહિતાના માળખાની વિરુદ્ધ જોવા મળે તો જવાબદારી નક્કી કરવા માટે પણ આ જરૂરી છે. તમામ રાજકીય જાહેરાતો સંબંધિત સત્તાધિકારીની મંજૂરી પછી જ પ્રકાશિત કરવામાં આવશે.

**આશુતોષ અંતાણી**

---

## ચૂંટણી – ૨૦૨૪ ટ્રાન્સજેન્ડર મતદારો

એપ્રિલ, 2014માં દેશની સર્વોચ્ચ અદાલતે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો અને આ સાથે જ ટ્રાન્સજેન્ડર સમુદાયને નવી ઓળખ અને મૂળભૂત અધિકારો મળ્યા. સુપ્રીમ કોર્ટે ટ્રાન્સજેન્ડર્સને ત્રીજી જાતી તરીકેનો કાનૂની દરજ્જો આપ્યો. અત્રે ઉલ્લેખનીય છે કે 2024ની લોકસભા ચૂંટણીમાં 48 હજારથી વધુ ટ્રાન્સજેન્ડર નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

**આશુતોષ અંતાણી**

---

## ચૂંટણીપંચ -૦૨ – મતદાર જાગૃતિ કાર્યક્રમ

આગામી લોકસભા ચુંટણીમાં દરેક લોકો મતદાન કરે તે માટે ચુંટણી પંચ દ્વારા તમામ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જુદા જુદા જીલ્લામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.કચ્છ જીલ્લાના નખત્રાણાની પ્રાથમિક શાળાના બાળકો દ્વારા મતદાન જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી.

**આશુતોષ અંતાણી**

---

## રમજાન ઈદ

આજે મુસ્લિમ બિરાદરો રમજાન ઇદ એટલે કે ઇદ ઉલ ફિત્રની ઉમંગ ઉલ્લાસ ભેર ઉજવણી કરે છે દાન દુવા અને. દયા નાં સંદેશ રૂપ પર્વ નું સમાપન એક મહિના નાં રોજા પછી થાય છે મુસ્લિમો પરસ્પર ઇદ મુબારક ની આપલે કરે છે હિન્દુ ભાઈઓ મુસ્લિમો ને મુબારકબાદી  પાઠવે છે ઇદ નિમિતે મસ્જિદો ને રંગ બેરંગી  રોશની થી શણગારવા માં આવી છે બજારો માં છેલી ઘડી  ની ખરીદી માટે ધસારો જોવા મળ્યો હતો.રાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ,પ્રધાનમંત્રી,ગુજરાત નાં રાજ્યપાલ,મુખ્યમંત્રી વિગેરે એ ઇદ ની શુભ કામના પાઠવી છે

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઇદ-ઉલ-ફિત્રની રાજ્યના મુસ્લિમ બિરાદરોને શુભકામના પાઠવી છે. મુખ્યમંત્રીએ શુભેચ્છા સંદેશમાં કહ્યું છે કે ઇદનો તેહવાર સમાજમાં સમત્વ, બંધુત્વ અને સામાજિક સમરસતા સાથે સદભાવને વધુ મજબૂત બનાવશે, તેમજ સૌના જીવનમાં સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિ કરશે.

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય બોર્ડ પરીક્ષા પરિણામ

ગુજરાત માધ્યામિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ની ધો૧૦ અને ધો ૧૨ ની પરીક્ષા નું પરિણામ આ માસ ના અંત સુધીમાં જાહેર કરવામાં આવશે.અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૭ મી મેં ના ગુજરાતમાં લોકસભાની ચૂંટણી યોજાવાની હોવાથી બોર્ડ પરીક્ષા ના પરિણામ આ વખતે વહેલા જાહેર કરવામાં આવશે.

**આશુતોષ અંતાણી**

---

## રાજ્ય હવામાન

રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. આગામી દિવસોમાં અનેક જિલ્લાઓમા હીટવેવની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગ અનુસાર આગામી ત્રણ દિવસમાં કચ્છમાં ગંભીર હીટવેવની અસર વર્તાઈ શકે છે. સુરેન્દ્રનગર, રાજકોટ, કચ્છમાં 41 ડિગ્રી,  તાપમાન રહેવાની સંભાવના છે.

દરમિયાન કેટલાક વિસ્તારોમાં ગરમીથી થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગે 13થી 15 એપ્રિલ દરમિયાન વલસાડ, નવસારી, સુરત, ગીર સોમનાથ, છોટાઉદેપુર, દાહોદ, નર્મદામાં હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરી છે. ગીર સોમનાથમાં ખેતીવાડી વિભાગ દ્વારા ખેડૂતોને સંભવિત નુકસાનથી બચવા તકેદારીના પગલા લેવા કહેવાયું છે.

**આશુતોષ અંતાણી**

---

## ક્રિકેટ IPL -2024 : GT - RR

ગુજરાત ટાઇટન્સ ટીમે રાજસ્થાન રોયલ્સ ને 3 વિકેટે પરાસ્ત કરી  આઇ પી એલ ની મેચ માં મહત્વ ની સફળતા મેળવી હતી જયપુર ખાતે ની મેચમાં રાજસ્થાની ટીમે 3 વિકેટ નાં ભોગે 196 રન કર્યા હતા ગુજરાત ની ટીમે છેલ્લા બોલે 7 વિકેટ ગુમાવી 197 રન કરી મેચ જીતી લીધી હતી.આજે મુંબઈ ખાતે મુંબઈ ઈન્ડીયન્સ  અને રોયલ ચેલેન્જર્સ બેગ્લુરુ ની ટીમ વચ્ચે મેચ રમાશે.

**આશુતોષ અંતાણી**

---